**ક્રમાંક:– ઉમશ/ઉમા–૩/વ.વ./૨૦૨૫/**

**કમિશનર શાળાઓની કચેરી,**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેક્ટર–૧૯,**

**ગાંધીનગર, ગુ.રા.,**

**તા. / /૨૦૨૫**

**પ્રતિ,**

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.**

**વિષય:– બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન ૨૦૨૫થી ધો–૯ અને ધો–૧૦ ક્રમિક / વર્ગ વધારા તેમજ ધો–૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો–૧૨ ક્રમિક વર્ગ તથા ધો–૧૧/૧૨ વર્ગ વધારાની જાહેરાતની બહોળી પ્રસિધ્ધિ કરવા તથા સુચનાઓ આપવા બાબત.**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન–૨૦૨૫ થીધો–૯ અને ધો–૧૦ ક્રમિક / વર્ગ વધારા તેમજ ધો–૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો–૧૨ ક્રમિક વર્ગ તથા ધો–૧૧/૧૨ વર્ગ વધારાની અરજી કરવા અંગેની જાહેરાત **તા.૩૦/૦૬/૨૦૨૫** ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શાળા દ્વારા વર્ગની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ**૧૫/૦૭/૨૦૨૫** અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ સ્થળતપાસ કરી અરજી કમિશનર કચેરીને ઓનલાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ–**૨૫/૦૭/૨૦૨૫** છે.

આપના જિલ્લાની શાળાઓ વર્ગ વધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે આ સાથે સામેલ રાખેલ જાહેરાતને આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે તમામ શાળાના આચાર્યશ્રી/શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે તેમજ વર્ગવધારાની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) જૂન–૨૦૨૫ થી બિનસરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ માટે કોઇ જ ફી ભરવાની રહેતી નથી જેની ખાસ નોંધ લેવી. તેમજ આ બાબતે શાળાઓને જરૂરી સૂચનાઓ આપશો.

( ૨) આપની કચેરી દ્વારા સ્થળતપાસ કરી તેનો અહેવાલ આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ ઓનલાઈન રજૂ કરવાનો રહેશે. શાળાની દરખાસ્ત પરત્વે આપની ભલામણ ન હોય તો વિગતવાર કારણસહીત રીમાર્ક્સ આપવાના રહેશે.

(૩) કોઈ પણ ફાઈલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજૂ કરવાની રહેશે નહી.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના લોગઈન આઈડીગત વર્ષ મુજબ જ છે પરંતુ પાસવર્ડ દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી માટે એક સમાન**Cos@2025** રહેશે જે તુરંત જ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પાસવર્ડ Reset(નવો પાસવર્ડ) કરવાનો રહેશે અને તેને ખાનગી રાખવાનો રહેશે. જોઆ પાસવર્ડ લીક થવાથી વર્ગમંજૂરીની દરખાસ્ત અન્વયે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ઠરશે.

(૫) આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પૂર્તતાના રીમાર્ક્સ સહ પરત કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામા પૂર્તતા થયા બાદ જ ઓનલાઈન નિયામકશ્રી,શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી. જેની નોંધ લેશો.

(૬) આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની તમામ શાળાઓને જાણ કરવી કે **"શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની**

**ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના SMS ચકાસતા રહેવું, જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજીમાં સૂચના/SMS મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પૂર્તતા કરી દરખાસ્ત પુન:સબમીટ કરવી, જો આવેલ પુર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહી રાખવામાં આવે અને તે માટે શાળામંડળ/આચાર્ય જવાબદાર બનશે."**

(૭) તા. **૧૫/૦૭/૨૦૨૫ના** રોજ રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઈન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઈ જશે.

(૮) આપના જિલ્લાની તમામ અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી, યોગ્ય રિમાર્ક્સ /નોંધ તેમજ અન્ય વિગતો અને આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ **તા.૨૫/૦૭/૨૦૨૫** સુધીમાં દરખાસ્ત Online સબમીટ કરવાની રહેશે.

(૯) અત્રેની કચેરી તરફથી ક્વેરીમાં મોકલવામાં આવતી દરખાસ્તની વિગતો Copy કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના ક્વેરીના box માં Paste કરવાની રહેશે, ત્યારબાદ શાળાકક્ષાએ મોકલવી જેથી, શાળા ક્વેરીની વિગતો સ્પષ્ટ રીતે જાણી શકે.

(૧૦) જિલ્લા સ્તરે મળેલ ક્વેરી દિન ૦૨ ની સમયમર્યાદામાં રી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.

(૧૧) આપના જિલ્લાની શાળાઓ દ્વારા દરખાસ્ત કરવાની અંતિમ **તા.૧૫/૦૭/૨૦૨૫** સુધીમાં કરેલ દરખાસ્તોના એપ્લીકેશન નંબર, શાળાનું નામ, માંગેલ ધોરણ-વર્ગ, પ્રવાહ, માધ્યમ, સંપર્ક નંબર સાથેની વિગત રજિસ્ટર્ડમાં નિભાવવાની રહેશે.

(૧૨) આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત submit ન થાય તેની ખાસ કાળજી લેશો.

(૧૩) શાળાની Online દરખાસ્તો મળતાં જ આપની સ્થળતપાસ તેમજ આનુષાંગિક કાર્યવાહી શરૂ કરી દેવી સબમીશન માટે અંતિમ **તા.૨૫/૦૭/૨૦૨૫** ની રાહ ન જોતાં દરખાસ્ત Online સબમીટ કરતાં જશો.(નોંધ તા.૨૫/૦૭/૨૦૨૫ પછી કોઇ પણ સંજોગોમાં જિ.શિ.અ કચેરી સબમિટ કરવા માટેની સમયમર્યાદા વધારાવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.)

(૧૪) દરેક જિલ્લા કચેરીએ વર્ગ વધારા માટે એક નોડલ અધિકારી(વર્ગ-૨)ની નિમણૂક કરેલ છે (જો ફેરફાર હોય તો તેના નામ અને મોબાઇલ નંબર અત્રેની કચેરીના ઈ-મેઈલ(**ss.umabranch@gmail.com**) પર તેમજ ધો-૯ અને ધો-૧૦ માટે **ssmadhyamik3@gmail.com** પર મોકલી આપવાના રહેશે.) જિલ્લા કક્ષાએ વર્ગ વધારાની કામગીરી અંગે **COS** સાથે સંકલનમાં રહીને કરવાની રહેશે

**ઉપરોક્ત વિગતે આપના જિલ્લાની તમામ શાળાઓની વર્ગવધારાની ઓનલાઈન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્યરીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.**

**નાયબ શિક્ષણ નિયામક**

**૧૦+૨ ખાસ ઘટક**

**ગુ.રા.ગાંધીનગર**

**બિડાણ : જાહેરાત (તા.૩૦/૦૬/૨૦૨૫)**

*Signature Not Verified*

*Signed by:KISHANBHAI FATESHING VASAVA*
*Deputy Director*
*Date:2025.07.02 11:39:53 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*